॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૫

: પ્રકાશક :


*શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન*
*શ્રીજીસંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર*
*૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા*
*સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ*
*મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮*

શ્રી મુક્તજીવન સ્વામીબાપા શતાબ્દી મહોત્સવના ઉપક્રમે

શ્રી ઘનશ્યામ મહારાજ હીરક મહોત્સવ

સંવત ૨૦૬૦ ફાગણ સુદ તૃતીયા

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યાઓ | ૩ |
| ૨ | સાચાં ખોટાં વાક્યો | ૭ |
| ૩ | પ્રશ્નોત્તરી - વિભાગ (અ) | ૧૩ |
| ૫ | પ્રશ્નોત્તરી - વિભાગ (બ) | ૧૮ |
| ૬ | પ્રશ્નોત્તરી - વિભાગ (ક) | ૨૩ |
| ૭ | ટૂંકનોંધ | ૨૯ |
| ૮ | ધ્યાનચિંતામણિ | ૩૪ |
| ૯ | નમૂનાનું પ્રશ્નપત્ર | ૩૮ |



: ટાઈપ સેટીંગ :

મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર,

મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮

: મુદ્રક :

પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લિ.

રાયપુર દરવાજા પાસે, અમદાવાદ - ૧


# સંસ્કારદીપિકા

## ભાગ - ૫

## અભ્યાસક્રમ

***આ પુસ્તિકામાંથી ૭૦ ગુણ***

***અમૃતબિંદુ ભાગ-૩માંથી ૩૦ ગુણ***

## ખાલી જગ્યાઓ

- જીવ અને મનને પરસ્પર મિત્રાચારી છે.
- ધર્મનું ગુપ્તતમ રહસ્ય મોટા પુરુષોની અંતઃકરણ રૂપી ગુફામાં રહેલું છે.
- ધીમે ધીમે દેહભાવ ભૂલી ભગવાનમાં જોડાવાનું છે.
- એક મૂર્તિ વિના બીજું પ્રધાન ન રાખવું તો મૂર્તિમાં લેલીન થવાય.
- સંપત્તિ મળ્યા છતાં ત્યાગ રાખવો તે ખરો વૈરાગ્ય.
- ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નહિ તેવાં ચૂંથણાં કરવાં નહિ.
- દિવ્ય વસ્તુને માયિક દૃષ્ટાંત લાગુ પડે જ નહિ.
- જે પ્રાપ્તિ ભાગવત ધર્મથી થાય છે તે જ પ્રાપ્તિ ભક્તિ વડે થાય છે.
- મુક્તાનંદ કહે મુક્તિ ચહો, તો મેલો મન કા સંગ.
- મૂર્તિનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મોટા પુરુષનો જોગ સમાગમ મૂકવો નહિ.
- ભગવાન પોતાના ભક્તના અપરાધી ને માફ કરતા નથી.

- મોતે પકડે ત્યારે તાવે સરે.
- સર્વ ક્રિયામાં ભગવાનની કેટલી સ્મૃતિ રહે છે તેનું સરવૈયું કાઢવું.
- દેહભાવરૂપી કુસંગ છે ત્યાં સુધી લક્ષ્યાર્થ માં જવાય નહિ.
- ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી તે મોટો.
- ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ.
- જ્યાં સુખનો એક લહરકો બતાવીશું ત્યાં માયા ગોતી પણ નહિ જડે.
- સિદ્ધાંતમાં સમાધાન ન હોય.
- સિદ્ધાંત અને પક્ષ માટે તો વીર બનવું.
- આપ અનાદિ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિશે નહિ કાચા.
- દિવ્યભાવે સહિત મહિમા સમજાય તો જ ધ્યાન માં ટકાય.
- ધ્યાન અનુભવ નો વિષય છે, પરંતુ તે માટે પ્રયત્ન કરનારા બહુ થોડા.
- દેવ જેવો પવિત્ર થઈને દેવની પૂજા કરે તો દેવ અંગીકાર કરે.
- આ તો તેજ તેજ ને તેજ. અહાહા ! તેજ કરતાંય મૂર્તિ મોટી.
- ભૂલે પણ ભાસે નહિ, દેહ મારું રૂપ.
- શિષ્યને ઘડાની શિખામણ આરપાર ઊતરી ગઈ.
- શ્રીજીમહારાજ સુખના દાતા છે અને મુક્ત સુખના ભોક્તા છે.
- પૃથુરાજાએ ભગવાનની કથા સાંભળવા દશ હજાર કાન માગ્યા.
- હરિકૃપા જબ હોત હૈ, સૂઝત અપના દોષ.
- સૂતાં સૂતાં કૃપા માગે તે ગાંડો કહેવાય.
- પર્વતભાઈ પોતાનો દીકરો કંઠપ્રાણ હતો તો પણ શ્રીજીમહારાજના દર્શને ગયા.
- દેહસ્વભાવ જોઈને કોઈનો અવગુણ ન લેવો.



- દોષોને રહેવાનું જાળું આ દેહ છે.
- જો થાય (સાચા સંતનો) જોગ, તો જાય જન્મમરણ નો રોગ.
- જ્ઞાનીનો ગમો તે જેમ નાખો તેમ સમો.
- પટેલ, મીંડાં તો બહુ વાળો છો, પણ એકડો નથી.
- જે બીજાનું ઐશ્વર્ય ઢાંકે તે પ્રત્યક્ષ.
- જેનું ઐશ્વર્ય ઢંકાય તે પરોક્ષ.
- અનુવૃત્તિ સાચવતાં આવડે ત્યારે સમાગમ કર્યો કહેવાય.
- નરના રૂપમાં રહેલા નારાયણને ઓળખવા એ મોટામાં મોટી ઘાંટી છે.
- ભગવાનને મનથી, વાણીથી કે બુદ્ધિ થી પામી શકાતા નથી.
- પાત્રની તારતમ્યતા પ્રમાણે ભગવાન આપણને સુખ આપે છે.
- કથાવાર્તા એ જીવાત્માનો ખોરાક છે.
- ધ્યાન વિના કારણ શરીરના રાગ ટળે નહિ.
- જીવાત્માની પાત્રતા કેળવવા ધ્યાન કરવું જોઈએ.
- જેને ધ્યાન કરતાં કંટાળો આવે છે તેને સત્સંગ જીવમાં ઊતર્યો નથી.
- ધ્યાન કરવાથી વધે પાત્રતા, ને વધે સુખ સામર્થી પ્રકાશ રે.
- ધ્યાન એ ભગવાનની સાથે એકાંતમાં સુખ લેવાનો અવસર છે.
- ભગવાનના સ્વરૂપનો નિશ્ચય નવડા જેવો કરવો.
- અનાદિ મુક્તોને તો મૂર્તિ જ ધામ છે.
- સત્પુરુષ એ મોક્ષ નું દ્વાર છે.
- મોટા પુરુષને વિશે જેવા સંકલ્પો કરે તેવા સિદ્ધ થાય.
- મોટા પુરુષની સેવા મોટા પુણ્યવાળા ને મળે છે.
- નિરંતર અભ્યાસપૂર્વક ધ્યાન કરે તેને મૂર્તિ ધારવી કઠણ ન પડે.

❁ જેટલું પુરુષોત્તમરૂપે વર્તાય તેટલી ધીરજ રહે.
❁ મોટા પુરુષોના શબ્દો તો નિશદિન મનન કરવા માટે છે.
❁ અનાદિ મુક્તોને પોતાની મૂર્તિમાં રસબસભાવે રાખવા તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અન્યથાકર્તાપણું છે.
❁ ભગવાન અને ભગવાનના ભક્તમાં દોષ પરઠે તે અસુર નું પ્રથમ લક્ષણ છે.
❁ 'મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ.'
❁ 'મારા વ્હાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ.'
❁ શ્રદ્ધાવાનને સાધન ની સમાપ્તિ વહેલી થાય છે.
❁ જો વસ્તુમાં માલ મનાય તો શ્રદ્ધા દોડતી આવે.
❁ 'બ્રહ્મવિદ્યાના ભોમિયા સાચા સંત સુજાણ.'
❁ 'જેવો રસ ભર્યો જે ઠામે રે, તેવો તેમાંથી ઝરશે.'
❁ વાતો કરવી સહેલી છે પણ વર્તન માં છે કે નહિ તે જોવાનું છે.
❁ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તની રક્ષાને માટે જ્ઞાન રૂપી ચક્ર રાખેલું છે.
❁ ધ્યાન કરવું તે કારસા ની ભક્તિ છે.
❁ સત્સંગના ખપવાળો સ્વભાવ ને ટાળી નાખે.
❁ એક જ ધ્યેય અને સિદ્ધાંતોને અનુસરનાર લોકોને એકત્રિત કરી વ્યવસ્થિત કરવા તેને સંગઠન કહેવાય.
❁ મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શને આવનારને માટે યાવચ્ચંદ્રદિવાકરૌ મોક્ષ નું દ્વાર ખુલ્લું છે.
❁ 'મણિનગર મંદિર કેન્દ્ર સ્થાનક છે, રસબસ થવાની દે છે યાદ.'
❁ કારણ સત્સંગ મળવા છતાં જો મનુષ્ય જન્મ સુધરે નહિ તો તે આત્મહત્યારો છે.



# સાચાં ખોટાં વાક્યો

❁ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ આસોમાસની પૂર્ણિમાએ અંતર્ધાનલીલા કરી. (✗)
સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ આસોમાસની અમાસ-દિવાળીના દિને અંતર્ધાનલીલા કરી. (✔)
❁ શ્રી સ્વામિનારાયણ ભગવાન વિના કોઈ પર આસ્થા આવે કે ભાવ રહે તે મોટી કાચપ છે. (✔)
❁ ચક્રવર્તી રાજાનો કુંવર સિપાઈને સલામ ન ભરે. (✔)
❁ તપશ્ચર્યા કરવાથી અંતર્વૃત્તિ થાય છે અને બહારના રાગદ્વેષ બખેડા સર્વ મટી જાય છે. (✗)
ધ્યાન કરવાથી અંતર્વૃત્તિ થાય છે અને બહારના રાગદ્વેષ બખેડા સર્વ મટી જાય છે. (✔)
❁ પેટના પોષણ માટે પ્રવાસ કરવો પડતો હોય તે સુખી કહેવાય. (✗)
પેટના પોષણ માટે પ્રવાસ ન કરવો પડતો હોય તે સુખી કહેવાય. (✔)
❁ ભગવાનને પામવા માટે તર્કબુદ્ધિ એ પ્રતિષ્ઠિત માર્ગ છે. (✗)
ભગવાનને પામવા માટે તર્કબુદ્ધિ એ અપ્રતિષ્ઠિત માર્ગ છે. (✔)
❁ જે ભગવાનના અંશ છે તે ઈન્દ્રિયો અંતઃકરણ તરફ ખેંચાઈ જાય છે. (✗)
જે ભગવાનના અંશ છે તે ઈન્દ્રિયો અંતઃકરણ તરફ ખેંચાઈ જતા નથી. (✔)

❁ કંઠમાં ભજન કરવાથી સંકલ્પોનો વિરામ થાય છે. (✗)
નાભિમાંથી ભજન કરવાથી સંકલ્પોનો વિરામ થાય છે. (✓)

❁ મૂળઅક્ષર સુધી બધું ખોટું કરી પોતાને પુરુષોત્તમરૂપ માનવું તે સાંખ્યજ્ઞાન કહેવાય. (✓)

❁ દાસના દુશ્મન હરિ કે' દી હોય નહિ. (✓)

❁ માધવ એટલે માયાના સેવક. (✗)
માધવ એટલે માયાના સ્વામી. (✓)

❁ રામચંદ્રજી લીલા પુરુષોત્તમ કહેવાય છે. (✗)
રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ કહેવાય છે. (✓)

❁ નિષ્કુળાનંદ સ્વામીને ધ્યાનમૂર્તિ એવું બિરુદ મળ્યું હતું. (✗)
નિષ્કુળાનંદ સ્વામીને વૈરાગ્યમૂર્તિ એવું બિરુદ મળ્યું હતું. (✓)

❁ 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ, સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીની કૃતિ છે. (✗)
'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ, સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કૃતિ છે. (✓)

❁ 'યમદંડ' ગ્રંથ, સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની અંતિમ કૃતિ છે. (✗)
'યમદંડ' ગ્રંથ, સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની પ્રથમ કૃતિ છે. (✓)

❁ માળાનું દૃષ્ટાંત અનાદિ મુક્તની સ્થિતિનું સૂચક છે. (✓)

❁ રામચંદ્રજીએ પરશુરામનું ઐશ્વર્ય હરી લીધું તેથી રામચંદ્રજી પરશુરામના અંશાવતાર ગણાયા. (✗)
રામચંદ્રજીએ પરશુરામનું ઐશ્વર્ય હરી લીધું તેથી પરશુરામ રામચંદ્રજીના અંશાવતાર ગણાયા. (✓)



❁ સંપત્તિ મળે સમજણ કળાય અને આપત્તિ કાળે વૈરાગ્ય કળાય. (✗)
સંપત્તિ મળે વૈરાગ્ય કળાય અને આપત્તિ કાળે સમજણ કળાય. (✓)

❁ મૂળઅક્ષરને શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વ્યતિરેક સ્વરૂપનું દર્શન નિત્ય છે. (✗)
મૂળઅક્ષરને શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વ્યતિરેક સ્વરૂપનું દર્શન ક્યારેય નથી. (✓)

❁ અનાદિ મુક્તની સ્થિતિ પરમ એકાંતિક મુક્તની સ્થિતિ કરતાં ન્યૂન છે. (✗)
અનાદિ મુક્તની સ્થિતિ પરમ એકાંતિક મુક્તની સ્થિતિ કરતાં અધિક છે. (✓)

❁ અન્વયપણે એટલે અનાદિ મુક્તની લટકે ભગવાનમાં જોડાવાથી સ્વામીસેવકભાવ ટળી જાય છે. (✗)
અન્વયપણે એટલે અનાદિ મુક્તની લટકે ભગવાનમાં જોડાવાથી સ્વામીસેવકભાવ વધારે દૃઢ થાય છે. (✓)

❁ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી બ્રહ્મચર્યમાં ખલેલ પડે છે. (✗)
ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી બ્રહ્મચર્યમાં દૃઢતા થાય છે. (✓)

❁ 'સત્સંગિભૂષણ' ગ્રંથના રચયિતા શતાનંદ સ્વામી છે. (✗)
'સત્સંગિભૂષણ' ગ્રંથના રચયિતા બ્રહ્મચારી સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સ્વામી છે. (✓)

❁ જનક રાજા પોતાના ગુરુ પરશુરામ તેમની કૃપાથી સાંખ્ય તથા યોગમાં સિદ્ધિને પામ્યા હતા. (✗)
જનક રાજા પોતાના ગુરુ પંચશિખ ઋષિ તેમની કૃપાથી સાંખ્ય તથા યોગમાં સિદ્ધિને પામ્યા હતા. (✓)

❋ દેહબુદ્ધિથી કરેલું હેત લાંબું ટકે છે. (✗)
દેહબુદ્ધિથી કરેલું હેત લાંબું ટકે નહિ. (✓)

❋ પોતાને બ્રહ્મર્ષિ કહેવડાવવા વશિષ્ઠ ઋષિએ વિશ્વામિત્ર ઋષિના સો પુત્રોને મારી નાખ્યા. (✗)
પોતાને બ્રહ્મર્ષિ કહેવડાવવા વિશ્વામિત્ર ઋષિએ વશિષ્ઠ ઋષિના સો પુત્રોને મારી નાખ્યા. (✓)

❋ ગંગામા અમદાવાદના વતની હતાં. (✗)
ગંગામા જેતલપુરના વતની હતાં. (✓)

❋ પર્વતભાઈ જામનગરના વતની હતા. (✗)
પર્વતભાઈ અગત્રાઈ ગામના વતની હતા. (✓)

❋ ભગવાન માયાનું ચાલવા દે તેટલું જ ચાલે. (✓)

❋ પ્રહ્લાદજીનું રક્ષણ કરવા ભગવાન વામનરૂપે પધાર્યા. (✗)
પ્રહ્લાદજીનું રક્ષણ કરવા ભગવાન નૃસિંહરૂપે પધાર્યા. (✓)

❋ રામપ્રતાપભાઈ ઈન્દ્રનો અવતાર હતા. (✗)
રામપ્રતાપભાઈ સંકર્ષણનો (શેષજીનો) અવતાર હતા. (✓)

❋ આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થવા દેવા તે સ્થૂલ દેહનો ધર્મ કહેવાય. (✗)
આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થવા દેવા તે સૂક્ષ્મ દેહનો ધર્મ કહેવાય. (✓)

❋ શ્રીજીમહારાજનો વિયોગ થતાં સિદ્ધાનંદ સ્વામીને નવ દ્વારે રુધિર નીકળતું. (✗)
શ્રીજીમહારાજનો વિયોગ થતાં સચ્ચિદાનંદ સ્વામીને નવ દ્વારે રુધિર નીકળતું. (✓)

❋ સમાધિ કરતાં અખંડ સ્મૃતિ ન્યૂન છે. (✗)
સમાધિ કરતાં અખંડ સ્મૃતિ શ્રેષ્ઠ છે. (✓)



❋ સમાધિ સરવાણી પાણી જેવી છે અને અખંડ સ્મૃતિ ટાંકાના પાણી જેવી છે. (✗)
સમાધિ ટાંકાના પાણી જેવી છે અને અખંડ સ્મૃતિ સરવાણી પાણી જેવી છે. (✓)

❋ શિવજીનો અવગુણ લેવાથી ચિત્રકેતુ રાજા બીજા જન્મે અઘાસુર થયો. (✗)
શિવજીનો અવગુણ લેવાથી ચિત્રકેતુ રાજા બીજા જન્મે વૃત્રાસુર થયો. (✓)

❋ જેને માથે કહેનાર ન હોય તેનાં કર્મ ફૂટ્યાં. (✓)

❋ મૂર્તિનો સાક્ષાત્કાર કરવા જ્ઞાન જેવું ઉત્તમ સાધન નથી. (✗)
મૂર્તિનો સાક્ષાત્કાર કરવા ધ્યાન જેવું ઉત્તમ સાધન નથી. (✓)

❋ ભગવાન ભજવામાં જે અંતરાય કરે તેનો ત્યાગ કરવો. (✓)

❋ જિતને નીમ દેંગે ઈતને લડકે હોંગે લેકિન ઈનમેંસે દો તેરા ઔર તીન મેરા. (✗)
જિતને નીમ દેંગે ઈતને લડકે હોંગે લેકિન ઈનમેંસે આધે તેરે ઔર આધે મેરે. (✓)

❋ વ્યાવહારિક શબ્દો જીવનમાં પકવાનને ઠેકાણે વાપરવા. (✗)
વ્યાવહારિક શબ્દો જીવનમાં મરચાં મીઠાંને ઠેકાણે વાપરવા. (✓)

❋ સાકારની સાકારમાં લીનતા તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે. (✓)

❋ જેને ભગવાને અને સત્પુરુષોએ પોતાના કહીને બોલાવ્યા નથી તેનું જીવન નિરર્થક છે. (✓)

❋ સત્ય, તપ વગેરે કળિયુગનાં લક્ષણ છે. (✗)
દંભ, કપટ વગેરે કળિયુગનાં લક્ષણ છે. (✓)

❇ દેહને વિશે અહંબુદ્ધિ અને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વ બુદ્ધિ એ જ જ્ઞાન છે. (✖)
દેહને વિશે અહંબુદ્ધિ અને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વ બુદ્ધિ એ જ અજ્ઞાન છે. (✔)

❇ વડોદરાના નાથ ભક્ત ઔદિચ્ય બ્રાહ્મણ હતા. (✖)
વડોદરાના નાથ ભક્ત વૈશ્યવર્ણ પાટીદાર હતા. (✔)

❇ ભગવાનનો અપરાધ થાય ત્યારે દેવ પણ હાથ ખંખેરી નાંખે. (✔)

❇ અન્યાયથી મેળવેલું દ્રવ્ય દશ વર્ષથી વધારે ટકતું નથી. (✔)

❇ સત્સંગે કરી વિદ્યાનો હ્રાસ થાય છે. (✖)
સત્સંગે કરી વિદ્યાની શુદ્ધિ થાય છે. (✔)

❇ ખોખરા મહેમદાવાદના ધીંગાણામાં વેરાભાઈનો હાથ કપાણો. (✖)
ખોખરા મહેમદાવાદના ધીંગાણામાં વેરાભાઈનો કાન કપાણો. (✔)

❇ ભોગસુખ અપાવે તે જ સાચી વિદ્યા. (✖)
મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા. (✔)

❇ પૈસા રાખનાર ત્યાગીના મુખથકી ભગવાનની વાત સાંભળનાર ગૃહસ્થ ચાંદ્રાયણ વ્રત કરે ત્યારે શુદ્ધ થાય. (✔)

❇ ચૈતન્ય માયા એટલે દ્રવ્ય અને જડ માયા એટલે સ્ત્રી. (✖)
ચૈતન્ય માયા એટલે સ્ત્રી અને જડ માયા એટલે દ્રવ્ય. (✔)

❇ સર્વે સાધનનું ફળ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જ છે. (✔)

❇ અર્જુન અને સુધન્વા બન્ને શ્રીરામના ભક્ત હતા. (✖)
અર્જુન અને સુધન્વા બન્ને શ્રીકૃષ્ણના ભક્ત હતા. (✔)



# પ્રશ્નોત્તરી - વિભાગ (અ)

**પ્ર.** ખરેખર જીવ્યું ક્યારે કહેવાય ?

**ઉ.** ખરેખર જીવ્યું ત્યારે જ કહેવાય કે શ્વાસોચ્છ્‌વાસે શ્રી સ્વામિનારાયણ ભગવાન સાંભરે.

**પ્ર.** ભાગવતીતનુ પ્રાપ્ત થયું ક્યારે કહેવાય ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાને અથવા તેમના મુક્તપુરુષોએ આપણા ચૈતન્યને દેહાદિકથી પૃથક કરી પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખ્યો તે વાતની જીવમાંથી હા પડી તે ભાગવતીતનુ પ્રાપ્ત થયું કહેવાય.

**પ્ર.** સદ્‌ગુરુ દિન એટલે શું ?

**ઉ.** સદ્‌ગુરુએ આપેલ ઉપદેશ - જ્ઞાન - જીવમાં કેટલું ઊતર્યું છે તે (ધ્યાન કરી) તપાસવાનો દિન તે સદ્‌ગુરુ દિન.

**પ્ર.** સાચું ઘર કયું ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ એ જ સાચું ઘર.

**પ્ર.** સાચું મરણ કયું ?

**ઉ.** ફરીથી માતાના ઉદરમાં ક્યારેય આવવું ન પડે તે જ સાચું મરણ.

**પ્ર.** સંત કોને કહેવાય ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં સંતાય અર્થાત્ મૂર્તિની સાથે મોજો માણે તેને સંત કહેવાય.

**પ્ર.** 'શ્રી હરિજ્ઞાનામૃત કાવ્ય' ની પ્રથમ આવૃત્તિ ક્યારે પ્રસિદ્ધ કરવામાં આવી ?

**ઉ.** 'શ્રી હરિજ્ઞાનામૃત કાવ્ય' ની પ્રથમ આવૃત્તિ જીવનપ્રાણ શ્રી

મુક્તજીવન સ્વામીબાપાના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે ઈ.સ. ૧૯૫૭ માં પ્રસિદ્ધ કરવામાં આવી.

**પ્ર.** પુરાણી પ્રાગજી દવે કયા દેશના વતની હતા ?

**ઉ.** પુરાણી પ્રાગજી દવે કચ્છ દેશના વતની હતા.

**પ્ર.** 'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.' આ ગરબીના રચયિતા કોણ છે ?

**ઉ.** 'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.' આ ગરબીના રચયિતા સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી છે.

**પ્ર.** 'શ્રી ઈશ્વરસદ્‌વિદ્યાશ્રમ - શ્રી સ્વામિનારાયણ છાત્રાલય' ની શરૂઆત ક્યારે કરવામાં આવી ?

**ઉ.** 'શ્રી ઈશ્વરસદ્‌વિદ્યાશ્રમ - શ્રી સ્વામિનારાયણ છાત્રાલય' ની શરૂઆત સંવત ૨૦૦૩માં (ઈ.સ.૧૯૪૭માં) કરવામાં આવી.

**પ્ર.** સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ કેટલો સમય રહ્યો ?

**ઉ.** સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ આઠ વર્ષ રહ્યો.

**પ્ર.** બુદ્ધિમાન પુરુષની બુદ્ધિનું ફળ શું ?

**ઉ.** વિષયમાંથી વૈરાગ્ય પામીને શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ કરવી તે જ બુદ્ધિમાન પુરુષની બુદ્ધિનું ફળ છે.

**પ્ર.** વૃત્રાસુર પૂર્વ જન્મમાં કોણ હતો ?

**ઉ.** વૃત્રાસુર પૂર્વ જન્મમાં ચિત્રકેતુ રાજા હતો.

**પ્ર.** ચિત્રકેતુ રાજાને શા કારણથી બીજે જન્મે વૃત્રાસુર થવું પડ્યું ?

**ઉ.** શિવજીને વિશે દોષ કલ્પવાથી ચિત્રકેતુ રાજાને બીજે જન્મે વૃત્રાસુર થવું પડ્યું.

**પ્ર.** શાસ્ત્રમાં કેટલા પ્રકારના શ્રોતા કહેલા છે ?

**ઉ.** શાસ્ત્રમાં ચૌદ પ્રકારના શ્રોતા કહેલા છે.



**પ્ર.** સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના સમાગમથી શામળિયા ચૈતન્યાનંદ સ્વામીને શું લાભ થયો ?

**ઉ.** સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાના સમાગમથી શામળિયા ચૈતન્યાનંદ સ્વામીને સત્સંગની સમજણ અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે સર્વોપરી ઉપાસના તે બન્ને પરિપક્વ દૃઢ થયાં.

**પ્ર.** શામળિયા ચૈતન્યાનંદ સ્વામીને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનો યોગ કોના દ્વારા થયો ?

**ઉ.** શામળિયા ચૈતન્યાનંદ સ્વામીને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનો યોગ બાળમુકુંદાનંદ સ્વામી દ્વારા થયો.

**પ્ર.** દાદાખાચરની ભક્તિમાં મુખ્ય કયાં ત્રણ અંગ હતાં ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાનના વચનમાં પરમ વિશ્વાસ, શૂરવીરતા અને સમર્પણભાવ આ ત્રણ અંગ દાદાખાચરની ભક્તિમાં મુખ્ય હતાં.

**પ્ર.** અમેરિકાની ધરતી સ્વામીબાપાના પુનિત પાદારવિંદના સ્પર્શને ક્યારે પામી ?

**ઉ.** અમેરિકાની ધરતી સ્વામીબાપાના પુનિત પાદારવિંદના સ્પર્શને ઈ.સ. ૧૯૭૦માં પામી.

**પ્ર.** આંબા શેઠે કયો નિયમ રાખ્યો હતો ?

**ઉ.** દરરોજ સવારે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં પછી જ અન્ન જળ લેવું એવો આંબા શેઠે નિયમ રાખ્યો હતો.

**પ્ર.** અંડજ કોને કહેવાય ?

**ઉ.** ઈંડામાંથી જન્મ લેનાર પ્રાણીને અંડજ કહેવાય. જેમ કે પક્ષી, સર્પ વગેરે.

**પ્ર.** સ્વેદજ કોને કહેવાય ?

**ઉ.** પરસેવામાંથી ઉત્પન્ન થનારાં જીવાણુઓને સ્વેદજ કહેવાય. જેમ કે જૂ, માંકડ વગેરે.

**પ્ર.** જરાયુજ કોને કહેવાય ?

**ઉ.** ઓળે વીંટ્યા જન્મ પામે તે પ્રાણીઓને જરાયુજ કહેવાય. જેમ કે મનુષ્ય, પશુ વગેરે.

**પ્ર.** ઉદ્‌ભિજ્જ કોને કહેવાય ?

**ઉ.** પૃથ્વી ભેદીને બહાર નીકળે તે વનસ્પતિને ઉદ્‌ભિજ્જ કહેવાય. જેમ કે વૃક્ષ, વેલી વગેરે.

**પ્ર.** લય એટલે શું ?

**ઉ.** એક વસ્તુનું બીજી વસ્તુમાં સમાઈ જવું તેને લય કહેવાય.

**પ્ર.** સંચિત કર્મ એટલે શું ?

**ઉ.** જીવને માથે પૂર્વજન્મોમાં કરેલાં કર્મોનાં બીજનો સમૂહ, ફળ આપ્યા વિના એકઠો થયેલો છે તે જથ્થો.

**પ્ર.** પ્રારબ્ધ કર્મ એટલે શું ?

**ઉ.** જીવે પૂર્વે કરેલાં કર્મોમાંથી જે કર્મ ફળભોગ આપવાને માટે પ્રવૃત્ત થયું છે અને જે શરીરના બંધારણનો હેતુ છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય.

**પ્ર.** ક્રિયમાણ કર્મ એટલે શું ?

**ઉ.** વર્તમાન જન્મમાં કરવામાં આવતા કર્મને ક્રિયમાણ કર્મ કહેવાય.

**પ્ર.** આપણું પ્રારબ્ધ શું ?

**ઉ.** શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ જાણવું.

**પ્ર.** દેવપૂજાનો અધિકાર કોને મળે છે ?

**ઉ.** શિખા અને સૂત્ર (જનોઈ) ધારણ કરે તેને જ દેવપૂજાનો અધિકાર મળે છે.

**પ્ર.** એકાંત કોને કહેવાય ?

**ઉ.** બધું લય કરતાં કરતાં અંતે એક શ્રી સ્વામિનારાયણ ભગવાન રહે તે ખરું એકાંત.



**પ્ર.** શ્રેષ્ઠ દાન કયું ?

**ઉ.** અભયદાન એ જ શ્રેષ્ઠ દાન છે અને તે એક શ્રી સ્વામિનારાયણ ભગવાન જ આપી શકે.

**પ્ર.** આધ્યાત્મિક તાપ કોને કહેવાય ?

**ઉ.** શારીરિક તથા માનસિક જે પીડા તેને આધ્યાત્મિક તાપ કહેવાય. જેમ કે ગડગૂમડ, તાવ આદિ શારીરિક આધ્યાત્મિક દુઃખ છે અને કામ, ક્રોધ, લોભ, ચિંતા, ઉદ્વેગ આદિ માનસિક આધ્યાત્મિક દુઃખ છે.

**પ્ર.** આધિભૌતિક તાપ કોને કહેવાય ?

**ઉ.** દેહધારીઓ તરફથી આવતું દુઃખ તેને આધિભૌતિક તાપ કહેવાય. જેમ કે ચોર, રાજા, વાઘ, સર્પ આદિથી થતું દુઃખ.

**પ્ર.** આધિદૈવિક તાપ કોને કહેવાય ?

**ઉ.** દૈવયોગે આવી પડતું દુઃખ તેને આધિદૈવિક તાપ કહેવાય. જેમ કે અતિવૃષ્ટિ, ભૂકંપ આદિથી થતું દુઃખ.

**પ્ર.** શ્રદ્ધા કોને કહેવાય ?

**ઉ.** સદ્‌ગુરુના અને સચ્છાસ્ત્રના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ તેને શ્રદ્ધા કહેવાય.

**પ્ર.** આપ્ત પુરુષ કોને કહેવાય ?

**ઉ.** વિશ્વાસ કરવા યોગ્ય યથાર્થ વક્તાને આપ્ત પુરુષ કહેવાય.

## પ્રશ્નોત્તરી - વિભાગ (બ)

પ્ર.વૈરાટનારાયણે કેટલાં વર્ષ તપ કર્યું ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને અહીં મનુષ્યરૂપે દર્શન આપ્યું ?

ઉ. વૈરાટનારાયણે પોતાનાં પચાસ વર્ષ અને સવા પહોર દિવસ એક પગે ઊભા રહીને અક્ષરધામના અધિપતિ સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ-પ્રાર્થના કરી ત્યારે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બ્રહ્માંડમાં પધાર્યા છે. આપણાં એક લાખ પંચાવન હજાર પાંચસો એકવીશ અબજ અને પાંત્રીસ કરોડ વર્ષ (૧૫૫૫૨૧૩૫૦૦૦૦૦૦૦) બરાબર વૈરાટનારાયણનાં પચાસ વર્ષ અને સવા પહોર દિવસ થાય.

પ્ર.અક્ષરધામ કેટલું દૂર છે ?

ઉ. લાખ મણ લોઢાનો ગોળો અક્ષરધામમાંથી પડતો મૂકે તો તે વાયુના ઘસરકે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર પડતાં સુધીમાં રાઈના દાણા જેટલો રહે કે ન રહે. રજ ભેળો રજ થઈ જાય. બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અક્ષરધામ આટલું દૂર છે. અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો અણુમાત્ર પણ દૂર નથી. જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય.

પ્ર.દિગ્વિજય એટલે શું ?

ઉ. ચાર દિશા, ચાર ખૂણા, આકાશ અને પાતાળ આમ દશે દિશામાં પોતાની સત્તા જમાવવી તેને દિગ્વિજય કહેવાય. શ્રી સ્વામિનારાયણ ભગવાને અહીં મનુષ્યરૂપે દર્શન આપી પોતાના



ઐશ્વર્ય તેજ સામર્થ્યે કરી મનુષ્ય, દેવ, અવતાર તથા કાળ, કર્મ, માયા આદિ સર્વને નિસ્તેજ-સત્ત્વહીન કરી નાખ્યાં તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો દિગ્વિજય. શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રયે કરી સંતો-ભક્તોએ કાળ, કર્મ, માયાના પેચમાં ન અવાય, તેમના ઉપર કાળ, કર્મ, માયાનો હુકમ ન ચાલે તેવું સામર્થ્ય પ્રાપ્ત કર્યું તે દિગ્વિજય.

પ્ર.કાંટેથી કાંટો કાઢવાની વાત શાસ્ત્રમાં આવે છે. તેનો આધ્યાત્મિક અર્થ સમજાવો.

ઉ. કાંટો વાગે એટલે બીજો કાંટો (તીક્ષ્ણ ઓજાર) લઈ તે કાંટાને કાઢીએ છીએ અને પછી તે બંને કાંટાનો ત્યાગ કરીએ છીએ. તેમ જીવમાં અનાદિકાળથી દેહાભિમાન ખૂંચી રહ્યું છે તે એક કાંટો અને ભગવાન તથા ભગવાનના સત્પુરુષોને વિશે જીવોને પ્રતિમાભાવ તથા મનુષ્યભાવ રહે છે તે બીજો કાંટો. જીવમાં ખૂંચી રહેલો દેહાભિમાનરૂપી કાંટો કાઢવા ભગવાન તથા તેમના સત્પુરુષો જીવો પર દયા કરી મનુષ્યરૂપે પ્રગટ થયા અને પોતાનું જ્ઞાન તથા ઉપાસના સમજાવી જીવમાં ખૂંચી રહેલો દેહાભિમાનરૂપી કાંટો કાઢે છે અર્થાત્ જીવોને **‘अहं पुरुषोत्तमरूपोऽस्मि’** ની ભાવના દૃઢ કરાવી દેહાભિમાન ટળાવે છે. અને તે ભાવના દૃઢ થતા ભગવાન તથા તેમના સત્પુરુષમાં રહેલો પ્રતિમાભાવ તથા મનુષ્યભાવ તે પણ દૂર થાય છે અને દિવ્યભાવ અનુભવાય છે. તે બીજો કાંટો ગયો કહેવાય.

પ્ર.સંકલ્પસ્વરૂપ અને સંકલ્પી (શ્રીજીમહારાજ) તે બંને વસ્તુ એક છે કે જુદી ? અને તેવી જ રીતે અનાદિમુક્ત અને સંકલ્પસ્વરૂપ તે બે એક છે કે જુદા ?

ઉ. સંકલ્પસ્વરૂપ અનેક હોય પણ સંકલ્પના કરનારા સંકલ્પી (શ્રીજીંમહારાજ) એક છે. પરંતુ સંકલ્પસ્વરૂપ અને સંકલ્પીને સ્વામીસેવકભાવ નથી તેથી વસ્તુ જુદી ન કહેવાય.

બીજા પ્રશ્નની બાબતમાં અનાદિમુક્ત સેવક અને સુખભોક્તા છે જ્યારે શ્રીજીમહારાજ સ્વામી અને સુખના દાતા છે. એટલે અનાદિ મુક્ત અને શ્રીજીમહારાજ વચ્ચે સ્વામીસેવકનો ભાવ તથા દાતાભોક્તાનો ભાવ છે. જ્યારે સંકલ્પસ્વરૂપ અને સંકલ્પી-શ્રીજીમહારાજ વચ્ચે કાર્યકારણનો ભાવ છે. મૂળ શ્રીજીમહારાજ છે, સંકલ્પસ્વરૂપ શ્રીજીમહારાજની જાતિ છે, અનાદિમુક્ત શ્રીજીમહારાજને સજાતિ છે અને તે સિવાયના બીજા બધા અક્ષરાદિક શ્રીજીમહારાજથી વિજાતિ છે. આ ઉપરથી ચોખ્ખું સમજાય છે કે અનાદિમુક્ત અને સંકલ્પસ્વરૂપ એક નથી.

પ્ર. 'ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ' આ કાવ્ય પંક્તિ સમજાવો.

ઉ. ઢાળો બે પ્રકારનો છે. એક લૌકિક અને બીજો અલૌકિક. લૌકિક એટલે માયાનો ઢાળો - પોતાને દેહરૂપે માનવું તે, જે જીવ અનાદિકાળથી માનતો આવ્યો છે તે. અલૌકિક એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવાત્માને જીવકોટિ, ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ અને અક્ષરકોટિ તેને ભેદાવીને તેથી પર પોતાના તેજરૂપ પણ નહિ, પરંતુ પોતારૂપ-પુરુષોત્તમરૂપ કર્યો તે અલૌકિક ઢાળો. હવે પુરુષોત્તમરૂપે વર્તાય એટલે કે શ્રીજીમહારાજના મસ્તકે મસ્તક, ભાલે ભાલ, ભ્રૂકુટીએ ભ્રૂકુટી, નેત્રે નેત્ર, કર્ણે કર્ણ, નાસિકાએ નાસિકા, મુખે મુખ, ચિબુકે ચિબુક, વક્ષઃસ્થળે વક્ષઃસ્થલ, ઉદરે ઉદર, હસ્તે હસ્ત અને ચરણે ચરણ એમ સર્વે અંગે અનુભવાય તે અલૌકિક ઢાળો અને તે જ મુખોમુખ મળ્યા કહેવાય. શ્રીજીમહારાજે કૃપા કરી આપણને આવો અલૌકિક ઢાળો ઢાળી દીધો છે.



પ્ર. દેવો અનેકરૂપે દેખાય અને ભગવાન પણ અનેકરૂપે દેખાય તે કેમ સમજવું ?

ઉ. દેવો અનેકરૂપે દેખાય અને ભગવાન પણ અનેકરૂપે દેખાય પરંતુ તે બન્નેના દેખાવામાં ફેર છે. દેવો મંત્રાધીન છે. એટલે મંત્રને આધીન થકા બીજે રૂપે દેખાય છે. જેમ દુર્વાસા ઋષિએ સૂર્યનો મંત્ર કુંતાજીને આપ્યો તે મંત્રે કરીને કુંતાજીએ સૂર્યને પોતા પાસે તેડાવ્યા અને સૂર્ય આવ્યા. પરંતુ દેવો પોતાને બળે સ્વતંત્ર રીતે ક્યાંય જઈ શકતા નથી. જ્યારે ભગવાન તો સ્વતંત્ર છે અને જીવના કલ્યાણને માટે ગમે ત્યાં ગમે તે રીતે દર્શન આપે છે અને અનેક રૂપ ધારણ કરે છે. અક્ષરધામમાં રહ્યા થકા એકી સાથે અનેક બ્રહ્માંડમાં દર્શન આપવા સમર્થ છે.

પ્ર. આત્યંતિક કલ્યાણ એટલે શું ?

ઉ. આત્યંતિક કલ્યાણ એટલે અનંત, અતિશય, સર્વોત્તમ કલ્યાણ. જેને પામ્યા પછી બીજું કાંઈ પણ પામવાનું બાકી રહેતું નથી એવું કલ્યાણ. જે સુખનો ક્યારેય અંત નથી એવા સુખની પ્રાપ્તિ. જેનાથી બીજી અધિક દાસની પદવી છે જ નહિ તે પદવીની પ્રાપ્તિ. અનાદિ મુક્તની સ્થિતિની પ્રાપ્તિ.

પ્ર. શાન્તિ, લજ્જા, બુદ્ધિ અને હિંમતને રહેવાનાં સ્થાન કયાં ? અને તેના ઘાતક શત્રુઓ કોણ ?

ઉ. શાન્તિ ભ્રૂકુટિમાં રહે છે અને તેનો ઘાતક શત્રુ છે ક્રોધ. લજ્જા નેત્રમાં રહે છે અને તેનો ઘાતક શત્રુ છે કામ. બુદ્ધિ મનમાં રહે છે અને તેનો ઘાતક શત્રુ છે લોભ. હિંમત પગમાં રહે છે અને તેનો ઘાતક શત્રુ છે તાવ.

પ્ર .જંઈનો વેપાર અને લાખનો લાભ એટલે શું ?

ઉ . શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તપુરુષોના વચનમાં વિશ્વાસ આવ્યો તે તેમની સાથે વેપારમાં જંઈનો ભાગ કર્યો કહેવાય અને તે વચન પ્રમાણે વર્તવાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ મળે, મૂર્તિનું સુખ મળે, આત્યંતિક મોક્ષ મળે તે લાખનો લાભ થયો કહેવાય.

પ્ર .શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય નવડા જેવો કરવો; તે સમજાવો.

ઉ . બીજા આંકડા ફરે પણ નવડો પોતાનું સ્થાન છોડતો નથી. તે નવને ગમે તે આંકે ગુણો તો પણ તેનો સરવાળો નવ ને નવ જ થાય. ૯ X ૧=૯, ૯ X ૨=૧૮ ૧ + ૮=૯, ૯ X ૩=૨૭ ૨ + ૭=૯, ૯ X ૯=૮૧ ૮ + ૧=૯ તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય પણ નવડા જેવો કરવો તે કોઈ દિવસ ટળે જ નહિ. ભગવાન ગમે તેવાં પ્રાકૃત ચરિત્ર કરે પણ તેમને વિશે અનિશ્ચયનો ઘાટ થાય જ નહિ તે નવડા જેવો નિશ્ચય કહેવાય.

પ્ર. શાસ્ત્રમાં હંસ, શુક તથા ચંદ્ર જેવા શ્રોતાને શ્રેષ્ઠ શા માટે કહ્યા છે ?

ઉ. દૂધ અને પાણીના મિશ્રણમાંથી હંસ દૂધ ને જુદું પાડી દે છે તેમ હંસના જેવા સ્વભાવવાળા શ્રોતા કથામાંથી ભગવાનના સુખની જ વાતને ગ્રહણ કરે છે. શુક એટલે પોપટ. પોપટ ઝાડમાં જે ફળને ચાંચ મારે તે ફળ મીઠું થઈ જાય; તેમ સભામાં બીજાના સમાસને માટે પ્રશ્નો પૂછે અને બીજાને ઉપયોગી થાય તેને શુકના જેવા સ્વભાવવાળા શ્રોતા જાણવા. ચંદ્ર જેમ શીતળતા આપે છે તેમ કથામાંથી સાર ગ્રહણ કરીને બીજાને શાંતિ આપે તેને ચંદ્રના જેવા સ્વભાવવાળા શ્રોતા જાણવા. આવા શ્રોતાઓ બીજાને સહાયક હોવાથી તેમને શ્રેષ્ઠ કહ્યા છે.



# પ્રશ્નોત્તરી - વિભાગ (ક)

પ્ર .આહારની શુદ્ધિ કેવી રીતે જાળવવી ?

ઉ . અનાજને દૃષ્ટિથી શુદ્ધ કરી ઉપયોગમાં લેવું અને પાણી, દૂધ, ઘી, તેલ તેને લૂગડાની ગરણીએ ગાળીને વાપરવાં અને જો તેમ ન થાય તો તે માંસ તુલ્ય કહેવાય. તેવી જ રીતે જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય તથા અંતઃકરણના આહાર પણ શુદ્ધ રાખવા. શ્રોત્ર ઈન્દ્રિયે કરીને ભગવાનની કથા સાંભળવી; પણ ચોરેચૌટે બેસી ગ્રામ્યગપાટા ન મારવા અને ન સાંભળવા. ત્વક્ ઈન્દ્રિયે કરીને ભગવાન અને તેમના સત્પુરુષનો સ્પર્શ કરવો; પણ પાપી અસુર તથા વિષયી જનનો સ્પર્શ કરવો નહિ. ચક્ષુ ઈન્દ્રિયે કરીને ભગવાન અને તેમના સત્પુરુષનાં દર્શન કરવાં; પરંતુ નાટક, ચેટક, ભાંડ, ભવાઈ તથા સિનેમા વગેરે જોવું નહિ. રસના ઈન્દ્રિયે કરીને ભગવાનને ધરાવેલું શુદ્ધ સાત્ત્વિક પ્રસાદી અન્ન જમવું; પરંતુ બજારું ચીજવસ્તુ ખાવી નહિ. ઘ્રાણ ઈન્દ્રિયે કરીને ભગવાનને ચઢેલાં અત્તર પુષ્પ સૂંઘવાં, પણ વિષયી જને તેમના શરીર ઉપર છાંટેલાં અત્તરાદિકથી આનંદ માનવો નહિ. તેવી જ રીતે કર્મેન્દ્રિયોને પણ શુદ્ધ માર્ગે ચલાવવી. વાક્-વાણીએ કરીને ભગવાન તથા તેમના સત્પુરુષોના લીલા ચરિત્રોનું ગાન કરવું; પણ ફિલ્મી ગીત ગાવાં નહિ અને કોઈની નિંદા કૂથલી કરવાં નહિ. હાથને ભગવાન તથા તેમના સત્પુરુષની સેવામાં જોડી દેવા. પગને ભગવાનના મંદિર પ્રત્યે પ્રેરવા. તે જ પ્રકારે મનથી ભગવાન સંબંધી પવિત્ર વિચારો કરવા. ચિત્તથી ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. બુદ્ધિથી ભગવાનના સ્વરૂપનો

નિશ્ચય કરવો. અહંકારથી ભગવાન મારા સ્વામી છે અને હું તેમનો સેવક છું એ પ્રકારની મોટાઈ ધારવી; પણ દેહાભિમાન ધારવું નહિ. આવી રીતે વર્તાય ત્યારે આહારની શુદ્ધિ જાળવી કહેવાય.

**પ્ર.** છ પ્રકારની ગ્રંથિની નામોલ્લેખપૂર્વક વ્યાખ્યા કરો.

**ઉ.** અહંગ્રંથિ, મમતાગ્રંથિ, મૈથુનગ્રંથિ, શાસ્ત્રગ્રંથિ, હૃદયગ્રંથિ અને સંશયગ્રંથિ આ છ પ્રકારની ગ્રંથિ છે.

**અહંગ્રંથિ** એટલે દેહને પોતાનું રૂપ માનવું અને તે સંબંધી અભિમાન ધરવું તે. હું રૂપવાન છું, હું પંડિત છું, હું ધનવાન છું વગેરે દરેક બાબતમાં હુંપણું લાવવું તે અહંગ્રંથિ કહેવાય.

**મમતાગ્રંથિ** એટલે દેહના સગાંસંબંધીઓને પોતાના માનવા તે. મારા પિતા, મારી માતા, મારો બંગલો, મારું ખેતર વગેરેમાં મારું મારું કરવું તે મમતાગ્રંથિ કહેવાય.

**મૈથુનગ્રંથિ** એટલે સ્ત્રીવિષયક વાસના. ગમે તેટલો સંતસમાગમ કરે, કથાવાર્તા સાંભળે અને શરીરમાં રોગ થઈ ગયો હોય તો પણ તે મૂકી શકે નહિ તે મૈથુનગ્રંથિ કહેવાય.

**શાસ્ત્રગ્રંથિ** એટલે શાસ્ત્રના શબ્દથી અંતર ગાંઠ પડી જાય તે. ભગવાન અને સત્પુરુષના વચનમાં પણ શાસ્ત્રની સાખ શોધે અને શાસ્ત્રનો ભાર રહે તે શાસ્ત્રગ્રંથિ કહેવાય.

**હૃદયગ્રંથિ** એટલે હૃદયમાં ગમે તે એક વાત ઠસી ગઈ હોય તે બીજું માને જ નહિ તે. મોટા સમજાવે અને પોતે સમજે છતાં પણ પોતાના હૃદયમાં જે ઠસી ગયું હોય તે મૂકાય નહિ તે હૃદયગ્રંથિ કહેવાય.

**સંશયગ્રંથિ** એટલે સાચું હશે કે ખોટું ? આમ કેમ હશે ? આવું તે હોય ? આવી રીતે સંશય રહે તે સંશયગ્રંથિ કહેવાય.

અનાદિકાળથી જીવો આ છ પ્રકારની ગ્રંથિઓથી બંધાયેલા છે



અને તેના જ કારણે તે વારંવાર જન્મ અને મરણને પામે છે. જે જીવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણે આવે છે તેની ગ્રંથિઓને ભગવાન ટાળી દે છે અને તે જીવને પોતારૂપ-પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખી લે છે.

**પ્ર.** ત્રણ પૂતળીનું દૃષ્ટાંત જણાવી તેનો સિદ્ધાંત સમજાવો.

**ઉ.** એક વખત કોઈ એક કલાકાર ત્રણ પૂતળી લઈ કોઈ રાજાના દરબારમાં આવ્યો અને એક જ ઘાટની, એક જ રૂપની, એક જ સરખી તે ત્રણ પૂતળીઓ રાજા આગળ મૂકી અને કહ્યું કે તમારા વિદ્વાનો, ઉમરાવો વગેરેને એકત્ર કરી આ ત્રણે પૂતળીની કિંમત કરો. રાજાએ તે સર્વેને બોલાવ્યા પણ કોઈ કિંમત કરી શક્યું નહિ. ત્યારે રાજાએ બુદ્ધિચાતુર્ય જોઈને એક સુરદાસને પોતાના રાજદરબારમાં આશ્રય આપ્યો હતો તેમને બોલાવ્યા. સુરદાસજીએ હાથ ફેરવીને તે પૂતળીઓ જોઈ. પછી અડદના દાણા મંગાવી તેમના કાનમાં મૂકી ફૂંકી જોયા તો દાણો પહેલીના પેટમાં ગયો, બીજીને મોંઢેથી નીકળી ગયો અને ત્રીજીને કાનમાંથી સોંસરો બીજા કાનથી નીકળી ગયો. ત્યારે સુરદાસજીએ કહ્યું જે જેને દાણો પેટમાં ગયો તે ઉત્તમ, મોંઢેથી નીકળ્યો તે મધ્યમ અને કાનથી નીકળ્યો તેની કિંમત કાંઈ નહિ.

આ ત્રણ પૂતળીની પેઠે સત્સંગમાં ત્રણ પ્રકારના મનુષ્ય છે. જેને ઉપદેશની વાત જીવમાં ઊતરી જાય તે ઉત્તમ. શ્રીજીમહારાજ અને સત્પુરુષના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ આવે અને તે પ્રકારે વર્તે તે અમૂલ્ય છે. અને જે વાત સાંભળીને વર્તનમાં ઉતારતો નથી, ફક્ત બીજાને કહેવામાં જ તત્પર રહે છે તે મોઢેથી દાણો નીકળ્યા બરાબર છે અને સંતસમાગમ કરે પણ એક કાને સાંભળે અને બીજે કાને કાઢી નાખે એટલે કે વર્તનમાં મૂકે જ નહિ. તે જેવા હોય

તેવા ને તેવા જ રહે. તે આ કાનમાંથી પેલા કાનમાં દાણો નીકળી ગયા જેવા જાણવા અને તેની કિંમત કાંઈ નહિ. જીવનમાં જેને પ્રગતિ કરવી છે તેણે તો સત્સંગ કરી ભગવાનના અને સત્પુરુષના વચનને વિશે વિશ્વાસ જમાવી તે વચનને વર્તનમાં ઉતારવા પ્રયત્નશીલ થવું અને પ્રયત્નશીલ થાય છે તેના ઉપર ભગવાનની કૃપા થાય છે.

પ્ર. અનાદિ મુક્તની સ્થિતિ સમજાવો.

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિમાં અનંત અનાદિ મુક્તો સાકાર પણે રસબસભાવે રહીને મૂર્તિનું સુખ ભોગવે છે. આ સાકારની સાકારમાં લીનતા એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે. જેમ એક તેમ અનેક. અનાદિ મુક્તોને પોતાની મૂર્તિમાં રસબસભાવે રાખીને મૂર્તિનું દિવ્ય સુખ ભોગવાવવું તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અન્યથાકર્તાપણું છે. ભગવાન દયા કરીને જીવને શિવ કરીને મૂર્તિમાં રાખે છે. શિવ એટલે અનાદિ મુક્ત. અનાદિ મુક્તની સ્થિતિ અતિ ઉત્તમ છે. તેથી પર દાસની પદવી છે જ નહિ, એક સ્વામીની પદવી છે. તે સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન **एकमेवाद्वितीयं ब्रह्म** અદ્વિતીય અજોડ દિવ્ય મૂર્તિ છે. અનાદિ મુક્તો મૂર્તિમાં રસબસપણે રહ્યા થકા સમગ્ર મૂર્તિનું સુખ નિરંતર ભોગવે છે. મૂર્તિમાં અનાદિ મુક્તો રહ્યા છે તે કોઈ દષ્ટાંતથી સમજાવી શકાય તેમ નથી. કારણ કે દષ્ટાંત તો માયિક છે અને મહારાજની મૂર્તિ અને મુક્તો તો દિવ્ય છે, એ દિવ્ય વસ્તુને માયિક દષ્ટાંત આપીએ તે લાગુ પડે જ નહિ. જો કહીએ જે મૂર્તિમાં મુક્તો જળે મીનવત્ રહ્યા છે. તો જળ નિરાકાર છે ને મીન સાકાર છે. જ્યારે મહારાજ અને મુક્તો બંને સાકાર છે. એમ કહીએ જે વૃક્ષે ખગવત્ મૂર્તિમાં મુક્તો રહ્યા છે. તો વૃક્ષ સાકાર છે ને ખગ (પક્ષી) પણ સાકાર છે, પરંતુ એમાં એકદેશીભાવ



આવી જાય; કેમ કે વૃક્ષમાં ખગ કોઈપણ એક ઠેકાણે રહે છે. જ્યારે મુક્તો તો સળંગ મૂર્તિમાં રસબસભાવે રહ્યા છે. અને પયસાકરવત્ કહીએ તો રસબસનો ભાવ આવે, પરંતુ દૂધ અને તેમાં રહેલ સાકર બંને નિરાકાર છે. જ્યારે મહારાજ અને મુક્તો બંને સાકાર છે.

*મળ્યા દીસે છતાં ભિન્ન, સ્વામી સેવકનો છે નાતો;*
*દષ્ટાંત કોઈ બંધ બેસે નહિ, રીતિ અજબ છે આતો.*

મહારાજને અને અનાદિ મુક્તને કોઈ દષ્ટાંત લાગુ પડે નહિ. મળ્યા દિસે છતાં ભિન્ન એટલે કે ઓતપ્રોત હોવાને કારણે એક મહારાજ દેખાય પણ વસ્તુ બે છે, મહારાજ અને મુક્ત. શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં અનંત અનાદિ મુક્તો સાકારપણે સ્વામીસેવકભાવે દાતાભોક્તાપણે નિરંતર રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વામી છે અને અનાદિ મુક્તો સેવક છે, મહારાજ સુખના દાતા છે અને મુક્તો સુખના ભોક્તા છે, આ રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અનાદિ મુક્તોને સદાય સ્વામીસેવકભાવ છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વ કારણના કારણ છે તે સમજાવો.

ઉ. **कार्यनियतपूर्ववृत्ति कारणम्** કાર્યની પૂર્વમાં જે ચોક્કસ સ્વરૂપે રહેલું હોય તેને કારણ કહેવાય. જેમ ઘડાની પૂર્વમાં માટી, ચાક, દંડ, દોરી, કુંભાર વગેરે, કુંડળની પૂર્વમાં સોનું વગેરે અને વૃક્ષની પૂર્વમાં તેના મૂળમાં દટાયેલું બીજ વગેરે ચોક્કસ સ્વરૂપે રહેલાં છે. માટે માટી વગેરે ઘડાનું કારણ, સોનું વગેરે કુંડળનું કારણ અને બીજ વગેરે વૃક્ષનું કારણ કહેવાય. તેમ આ દશ્યમાન જગત પ્રકૃતિ પુરુષ થકી ઉત્પન્ન થાય છે અને પાછું પ્રલય સમયે તેમાં જ લય પામે છે, માટે દશ્યમાન જગતનું કારણ પ્રકૃતિ પુરુષ થયા અને તેમના પ્રેરક વાસુદેવ બ્રહ્મ છે માટે તેમનું કારણ વાસુદેવ બ્રહ્મ થયા. તેવી જ

રીતે વાસુદેવ બ્રહ્મનું કારણ મૂળ અક્ષર છે અને મૂળ અક્ષરનું આધાર પ્રેરક અને નિયામક શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે છે અને તે શ્રીજીમહારાજના તેજની કિંચિત્ કિરણને વિશે મૂળ અક્ષરોની અનંત કોટિઓ પરમાણુની પેઠે ઊડતી ફરે છે, માટે મૂળ અક્ષરનું કારણ શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે છે અને તે અક્ષરધામના આધાર અને નિયામક શ્રીજીમહારાજ પોતે છે માટે તે અક્ષરધામના કારણ શ્રીજીમહારાજ પોતે થયા; માટે શ્રીજીમહારાજ સર્વના કારણ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો નિરંતર રહ્યા છે તે ક્યારેય મૂર્તિથી બહાર આવતા જ નથી અને તે અનાદિમુક્તો ભજીને થયેલા નથી, જો ભજીને થયેલા હોય તો કોઈ વખત શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ પણ તેમ નથી. એ તો જ્યારથી શ્રીજીમહારાજ ત્યારથી અનાદિ મુક્તો છે. દૂધમાં ઘી ક્યારથી ? તો જ્યારથી દૂધ છે ત્યારથી. તેમ જ્યારથી શ્રીજીમહારાજ ત્યારથી અનાદિ મુક્તો છે. માટે જેમ શ્રીજીમહારાજ અનાદિ તેમ તે મુક્તો પણ અનાદિ છે અને ધામ તે તો શ્રીજીમહારાજ અને મુક્તનું તેજ છે. માટે તે અનાદિ મુક્તો મૂળ અક્ષરાદિક સર્વના કારણ કહેવાય અને તે અનાદિ મુક્તોના કારણ શ્રીજીમહારાજ છે. શ્રીજીમહારાજ સ્વામી છે અને તે અનાદિ મુક્તો સેવક છે. શ્રીજીમહારાજ સુખના દાતા છે અને મુક્તો સુખના ભોક્તા છે. આમ અનાદિ મુક્તોના સ્વામી, નિયામક, સુખના દાતા શ્રીજીમહારાજ છે. માટે તે અનાદિ મુક્તોના કારણ શ્રીજીમહારાજ થયા. માટે આપણે શ્રીજીમહારાજને સર્વ કારણના કારણ કહીએ છીએ.

વળી શ્રીજીમહારાજ સ્વપ્રકાશે પ્રકાશમાન છે, તેમનામાં કોઈનું ઐશ્વર્ય આવેલું નથી, તેમનો કોઈ ઉપરી નથી, પ્રેરક નથી, નિયામક નથી, તેઓ તો સ્વતંત્ર સત્તાવાન સનાતન ઈશ્વર છે. માટે આપણે શ્રીજીમહારાજને સર્વકારણના કારણ કહીએ છીએ.

# ટૂંકનોંધ

## ધણીનું બિરુદ

એક વખત નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને કમળી થયેલી તે મટતી ન હતી, તેથી દેહ મૂકવાનો સંકલ્પ કરી વૃષપુર ગયેલા. ત્યારે બાપાશ્રી કહે જે કેમ આવ્યા છો ? ત્યારે સદ્‌ગુરુ સ્વામીબાપા કહે જે બાપા ! તમે જાણો છો. પછી બાપાશ્રી કહે જે તમને કમળી થઈ છે તેથી દેહ મૂકવાનો સંકલ્પ કરીને અહીં આવ્યા છો પણ તમને જવા દેવા નથી. તમારે તો હજુ સત્સંગમાં ઘણી સેવા કરવાની છે. પછી બાજરાનો રોટલો જમાડી કમળી મટાડી દીધી અને છ દિવસ સુધી સેવા સમાગમથી સુખિયા કરીને કહ્યું જે હવે તમે અહીંથી સીધા જેતલપુર જાઓ અને ભુજ, મૂળી, અમદાવાદ ક્યાંય રોકાશો નહિ.

પછી સદ્‌ગુરુ સ્વામીબાપા ભુજ ગયા. પછી ત્યાંથી માનકૂવાના હરિભક્તોના આગ્રહને લીધે ભુજના સંતો સાથે માનકૂવે ગયા. બાપાશ્રી પણ ત્યાં પધાર્યા. ત્યારે સદ્‌ગુરુ સ્વામીબાપાને મળીને કહ્યું જે તમને જેતલપુર જવાનું કહ્યું હતું અને અહીં કેમ આવ્યા ? તમારી સાથે આવેલા આ નવા સાધુ બળદેવચરણદાસજી માંદા પડવાના હતા. તેની તમારે ચાકરી કરવી પડે, એટલા સારુ તમને રજા આપી હતી, પણ હવે તો નહિ જવાય અને સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામી આદિ આવશે એટલે વાંધો નહિ આવે. પછી સદ્‌ગુરુ સ્વામીબાપા બાપાશ્રી સાથે વૃષપુર ગયા. ત્યાં સાધુ બળદેવચરણદાસજી માંદા પડ્યા. પછી એક દિવસ બાપાશ્રી કહે જે આજે આ સાધુનો દેહ પડશે માટે તેને ઉપદેશ કરીને મૂર્તિમાં વૃત્તિ રખાવો. તે સાધુને મંદવાડમાં વાસના સ્ફુરી. તેને

બન્ને સદ્ગુરુઓએ ઘણો ઉપદેશ કર્યો પણ વાસના મૂકી નહિ. બન્ને સદ્ગુરુઓ સમર્થ હતા પણ બાપાશ્રીની હાજરીમાં સમર્થપણું ન બતાવ્યું. સદ્ગુરુઓએ બાપાશ્રીને વાત કરીને કહ્યું જે બાપા, ચાવી તો તમારા હાથમાં છે. ત્યારે બાપાશ્રી કહે જે મૂર્તિના સુખનો લહરકો દેખાડીશું ત્યાં તો વાસના ક્યાંય જતી રહેશે. પછી તે સાધુ પાસે આવીને બાપાશ્રી બોલ્યા જે સાધુરામ ! સાધુરામ ! મારા સામું જુઓ. જ્યાં બાપાશ્રીના સામું જોયું ને એક નજર થઈ ત્યાં સ્થિર થઈ ગયા અને તેજમાં મૂર્તિ દેખી અને વાસના ક્યાંય જતી રહી. પછી બાપાશ્રી તેમને ધામમાં તેડી ગયા. આ ધણીનું બિરુદ.

પછી સદ્ગુરુ શ્રી વૃન્દાવનદાસજી સ્વામીએ પૂછ્યું જે એ સાધુને ક્યાં મૂક્યો ? ત્યારે બાપાશ્રી કહે જે આ ઈશ્વરચરણદાસજી સ્વામીને બદલે લઈ ગયા માટે ક્યાં મૂકાય ? તેમને તો શ્રીજીમહારાજની મૂર્તિમાં મૂકી દીધા. આમ જે જે ભક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનના થઈને બેઠા છે તેની ફિકર તેમને છે.

*જેને જેનો આશરો, તેને તેની લાજ;*
*કરજોડી શું માગીએ, જાણો છો મહારાજ.*

## સત્સંગ મહાસભા

અમદાવાદ દેશમાં પુરુષોત્તમપ્રસાદજી મહારાજ ધામમાં ગયા પછી ફક્ત અઢી વર્ષના વાસુદેવપ્રસાદજી મહારાજને ગાદીએ બેસાડવામાં આવ્યા. તેઓએ વિદ્યાભ્યાસ કર્યો ને અંગ્રેજી કાંઈક ભણ્યા અને કાયદાનું થોડુંઘણું જ્ઞાન થયું એટલે જાણ્યું જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તો અમારા વડદાદા છે, તેમણે આ મંદિરો કરી દેવ સ્થાપન કર્યા એટલે દેવને અર્પણ થયેલી મિલ્કત છે તે મારા બાપદાદાની મિલ્કત એટલે તે મારી જ મિલ્કત કહેવાય; તેમાં બીજા કોઈનો હક દાવો નથી. મંદિરોમાં સાધુ-બ્રહ્મચારીઓને રાખવા ન રાખવા તે મારી મરજીની વાત છે. આમ સંત-હરિભક્ત, સત્સંગ સમુદાયની અવગણના કરી દેવની મિલ્કતને પોતાની ઠરાવવા પ્રયત્નો કરવા લાગ્યા.



આથી મોટા મોટા સંતો અને ગૃહસ્થોએ મળી વિચાર કર્યો જે આમ જો ચાલુ રહેશે તો બધું પાયમાલ થઈ જશે; માટે ગમે તેમ કરીને આ બધું થતું અટકે તો સારું. પછી મૂળી મુકામે સંતો-હરિભક્તો એકત્રિત થયા અને જીવનપ્રાણ બાપાશ્રી પણ ત્યાં પધાર્યા. ત્યાં બાપાશ્રીની આજ્ઞાનુસાર વિક્રમ સંવત ૧૯૭૬, ઈ.સ. ૧૯૨૦ માં જન્માષ્ટમીના સમૈયા પર સત્સંગ મહાસભાની સ્થાપના કરવામાં આવી અને તે સત્સંગ મહાસભા દ્વારા તા. ૨૭-૧૧-૧૯૨૦ માં દેવદ્રવ્યની સુરક્ષા માટે કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો અને પરિણામે દેવની મિલ્કત દેવની જ રહી.

વહીવટમાં પણ આચાર્ય મહારાજ એકહથ્થુ સત્તા વાપરતા હતા; તે માટે સ્કીમ કરાવરાવી, ત્યાગી તથા ગૃહસ્થ હરિભક્તોની કમિટી નીમવામાં આવી. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન આદિ શાસ્ત્રોમાં ત્યાગીને ધનસ્ત્રીનો ત્યાગ રાખવો વગેરે જે જે આજ્ઞાઓ કરી છે તથા ગૃહસ્થને પંચ વર્તમાન પાળવા સંબંધી જે જે આજ્ઞાઓ કરી છે તે પોતપોતાના ધર્મ ત્યાગી-ગૃહી સૌએ યથાર્થ પાળવા અને સંપ્રદાયની કળા હંમેશાં ખીલતી રાખવી; તે માટે સત્સંગ મહાસભામાં ઠરાવો થયા અને તેથી સંપ્રદાયમાં ધર્મનિયમમાં ઘણી જ શુદ્ધતા આવી. આમ સત્સંગ મહાસભાએ ધર્મશુદ્ધિમાં પણ સારો એવો ભાગ ભજવ્યો.

જીવનપ્રાણ બાપાશ્રીએ સત્સંગ મહાસભાની સઘળી જવાબદારી નીડર સિદ્ધાંતવાદી સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને સોંપીને કહ્યું હતું કે ‘આ કાર્ય તમારે જ કરવાનું છે. લોકો પોતાની નાતમાં સુધારા કરે છે તેમ તમો પણ મોટા મોટા ભેગા થઈને સંપ્રદાયમાં

વહીવટ શુદ્ધિ અને ધર્મશુદ્ધિ કરો.' સદ્‌ગુરુબાપાએ બાપાશ્રીની આજ્ઞા માથે ચડાવીને સત્સંગ મહાસભાનું સુકાન હાથમાં લીધું અને તે કાર્ય એવી કુનેહથી પાર પાડ્યું કે જે હેતુ માટે સત્સંગ મહાસભાની સ્થાપના થઈ હતી તે હેતુ બર આવ્યો.

આજે સત્સંગ મહાસભાનું કેન્દ્રવર્તી કાર્યાલય શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરમાં છે. અને તેના વર્તમાન કાયમી પ્રમુખ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ છે. તેમના નેતૃત્વપદે સત્સંગ મહાસભા પોતાના મૂળભૂત ઉદ્દેશ, ધ્યેય અને સિદ્ધાંતોને વિશ્વભરમાં પ્રસરાવી રહી છે. સત્સંગ મહાસભા તે આપણી માતૃ સંસ્થા છે. તેની પુષ્ટિ અને વૃદ્ધિમાં સાથ સહકાર આપવો તે આપણી પવિત્ર ફરજ છે.

## પંદર વર્ષની ડૂબકી

સંપ્રદાયનો પાયો નાખનાર ઉદ્ધવના અવતાર સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી વિક્રમ સંવત ૧૮૫૮માં ફણેણી ગામમાં અંતર્ધાન થયા અને બરાબર પંદર વર્ષ બાદ સંવત ૧૮૭૩ માં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાના હિમાયતી સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા ચૂડા મુકામે પ્રગટ થયા.

સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંવત ૧૮૮૬માં ગઢપુરમાં મનુષ્યલીલા સંકેલી અને બરાબર પંદર વર્ષ બાદ સંવત ૧૯૦૧ માં તે શ્રીહરિ સ્વયં જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીરૂપે પુનઃ કચ્છ પ્રદેશમાં વૃષપુર મુકામે પ્રગટ થયા.

યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા સંવત ૧૯૦૮માં વડતાલમાં અંતર્ધાન થયા અને બરાબર પંદર વર્ષ બાદ સંવત ૧૯૨૩માં નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા અસલાલી મુકામે પ્રગટ થયા.



સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા સંવત ૧૯૪૮માં અમદાવાદમાં અંતર્ધાન થયા અને બરાબર પંદર વર્ષ બાદ સંવત ૧૯૬૩માં શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા ખેડા મુકામે પ્રગટ થયા.

જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીએ (હાલારી વર્ષ) સંવત ૧૯૮૫માં વૃષપુરમાં અંતર્ધાનલીલા કરી અને બરાબર પંદર વર્ષ બાદ સંવત ૨૦૦૦માં આપણા કારણ સત્સંગના કેન્દ્ર સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજ અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સદાને માટે બિરાજમાન થયા.

સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા સંવત ૧૯૯૮માં સરસપુરમાં અંતર્ધાન થયા અને બરાબર પંદર વર્ષ પછી સંવત ૨૦૧૩માં ગુરુદેવ જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાનો સુવર્ણ જયંતી મહોત્સવ મણિનગર ધામમાં ઊજવવામાં આવ્યો અને તે સુવર્ણ જયંતી મહોત્સવના બરાબર પંદર વર્ષ બાદ સંવત ૨૦૨૮માં જીવનપ્રાણ સ્વામીબાપાએ આપણા સૌના આત્યંતિક કલ્યાણને માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સીધા આદેશથી સર્વોપરી સનાતન કલ્યાણકારી શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્તસ્વરૂપ આપ્યું અને આપણ સૌને ન્યાલ ન્યાલ કરી દીધા. આમ પંદર વર્ષની ડૂબકી તે આપણા કારણ સત્સંગને માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ગૂઢ સંકેત છે.

# ધ્યાનચિંતામણિ

## રાગ ગરબી પદ - ૧

વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ..૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ..૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ..૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ..૪

## પદ - ૨

આવો મારા મોહન મીઠડા લાલ, જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ,વિસારું નહિ ઉરથી રે લોલ..૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ,ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ..૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ..૩
વહાલા તારી ભ્રકુટીને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ..૪

## પદ - ૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમ તારા વહાલમાં રે લોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ..૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ..૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ..૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમ સખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ..૪

## પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવલિ રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ..૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ..૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈને નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ..૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ..૪

## પદ - ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ..૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ..૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ..૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ..૪

## પદ - ૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીએ રે લોલ..૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ..૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ..૩
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ..૪



## પદ - ૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ..૧
વહાલા તારી નાભિ નૌતમરૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને સહજાનંદ, કે મન રંગ ચોર છે રે લોલ..૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ..૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ..૪

## પદ - ૮

વહાલા તારાં જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ..૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ..૨
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભકત, જોવાને પ્રવીણ છે રે લોલ..૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ..૪

# નમૂનાનું પ્રશ્નપત્ર

(સમયઃ ૩ કલાક) (કુલ ગુણઃ ૧૦૦)

**સૂચનાઃ-** પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.

***પ્ર-૧ (અ) નીચેની ખાલી જગ્યા પૂરો.*** *(૧૦)*

(૧) જીવ અને મનને પરસ્પર ............ છે.
(૨) સંપત્તિ મળ્યા છતાં ત્યાગ રાખવો તે ખરો ............
(૩) દિવ્ય વસ્તુને માયિક ............ લાગુ પડે જ નહિ.
(૪) સિદ્ધાંત અને પક્ષ માટે તો ............ બનવું.
(૫) શિષ્યને ઘડાની ............ આરપાર ઉતરી ગઈ.
(૬) જે બીજાનું ઐશ્વર્ય ઢાંકે તે ............
(૭) અનુવૃત્તિ સાચવતાં આવડે ત્યારે ............ કર્યો કહેવાય.
(૮) ............ એ જીવાત્માનો ખોરાક છે.
(૯) ધ્યાન વિના કારણ શરીરના ............ ટળે નહિ.
(૧૦) જેટલું પુરુષોત્તમરૂપે વર્તાય તેટલી ............ રહે.

***(બ) નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે જણાવો; ખોટાં હોય તો સુધારીને ફરી લખો.*** *(૧૦)*

(૧) ચક્રવર્તી રાજાનો કુંવર સિપાઈને સલામ ન ભરે.
(૨) કંઠમાં ભજન કરવાથી સંકલ્પોનો વિરામ થાય છે.
(૩) 'યમદંડ' ગ્રંથ, સદ્ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની અંતિમ કૃતિ છે.
(૪) માળાનું દૃષ્ટાંત અનાદિ મુક્તની સ્થિતિનું સૂચક છે.
(૫) ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાથી બ્રહ્મચર્યમાં ખલેલ પડે છે.
(૬) દેહબુદ્ધિથી કરેલું હેત લાંબું ટકે છે.
(૭) ગંગામા અમદાવાદના વતની હતાં.
(૮) રામપ્રતાપભાઈ ઈન્દ્રનો અવતાર હતા.
(૯) વ્યાવહારિક શબ્દો જીવનમાં પકવાનને ઠેકાણે વાપરવા.
(૧૦) ભોગસુખ અપાવે તે જ સાચી વિદ્યા.

***પ્ર-૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.*** *(૧૦)*

(૧) ખરેખર જીવ્યું ક્યારે કહેવાય ?
(૨) સાચું ઘર કયું ?
(૩) બુદ્ધિમાન પુરુષની બુદ્ધિનું ફળ શું ?
(૪) વૃત્રાસુર પૂર્વ જન્મમાં કોણ હતો ?
(૫) સ્વેદજ કોને કહેવાય ?
(૬) આપણું પ્રારબ્ધ શું ?
(૭) દેવપૂજાનો અધિકાર કોને મળે છે ?
(૮) શ્રેષ્ઠ દાન કયું ?
(૯) આધિભૌતિક તાપ કોને કહેવાય ?
(૧૦) શ્રદ્ધા કોને કહેવાય ?

***(બ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.*** *(૧૦)*

(૧) અક્ષરધામ કેટલું દૂર છે ?
(૨) દિગ્વિજય એટલે શું ?
(૩) 'ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ' આ કાવ્ય પંક્તિ સમજાવો.
(૪) આત્યંતિક કલ્યાણ એટલે શું ?
(૫) જંઈનો વેપાર અને લાખનો લાભ એટલે શું ?

***પ્ર-૩ (અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.*** *(૧૦)*

(૧) આહારની શુદ્ધિ કેવી રીતે જાળવવી ?
(૨) અનાદિ મુક્તની સ્થિતિ સમજાવો.

***(બ) નીચેનો પ્રસંગ વર્ણવો.*** *(૧૦)*

પંદર વર્ષની ડૂબકી

***પ્ર-૪ (અ) નીચેનાં પદ સંપૂર્ણ લખો. (ગમે તે બે)*** *(૧૦)*

(૧) વંદું સહજાનંદ રસરૂપ.............
(૨) વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ....
(૩) વહાલા તારાં જુગલ ચરણ રસરૂપ..

*(બ) નીચેનાં કીર્તન સંપૂર્ણ લખો.(ગમે તે બે) (૧૦)*

(૧) પ્રેમે નમન છે............

(૨) ઘેર ઘેર ફરી ઘનશ્યામ....

(૩) બાપા મળ્યા અણમોલ....

*પ્ર-૫ (અ) નીચેની પંક્તિઓ પૂર્ણ કરો. (૧૦)*

(૧) પુરુષોત્તમ આપ..........તાકું મૂળસે ટળાવ.

(૨) વાસુદેવનું સુખ...................વખણાય.

(૩) દિવ્ય સ્વરૂપ જે છે..............રાખો ધ્યાન.

(૪) લટકંતી ચાલ ચાલે..........ગીતડાં સુણાય રે.

(૫) કસોટી કરો તો.................શિર સાટ રે.

*(બ) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલ પંક્તિને 'આ' વિભાગમાં આપેલ પંક્તિ સાથે જોડો. (૧૦)*

| 'અ' | 'આ' |
|---|---|
| (૧) મૂર્તિ બિન તો હય સબ માયા, | જેણે સાચી ભક્તિ આદરી; |
| (૨) સ્વ સિદ્ધાંતોને સજીવન કરવા, | કૃતારથ બની જાઉં રે; |
| (૩) પોતે અખંડ મૂર્તિમાં રહે છે, | સાચી ન સ્વીકારાય હૂંડી; |
| (૪) નિયમ નિશ્ચય પક્ષ દૃઢ કરી, | મારું મંદિરિયું મહારાજ; |
| (૫) સ્વતેજે તેજાયમાન, | શૂરવીર થઈને રાખશું; |
| (૬) છેલ છોગાળા હરિને પૂજીને, | સંકલ્પે શ્રીજી દેખાય રે; |
| (૭) કેવળ કૃપા કરી આપશે, | રીત ચલાવી ન્યારી; |
| (૮) તવ ચરણથી પાવન થશે, | મૂર્તિ ભલી શોભતી; |
| (૯) સિદ્ધાંત બાપાશ્રી તણો, | વ્હાલો દર્શન કેરું દાન રે; |
| (૧૦)માલ મિલ્કત જંગમ મૂડી, | કેવળ મૂર્તિ સુખકા પાયા; |

**જય શ્રી સ્વામિનારાયણ**